ગાંધીનગર મહાનગર ભાજપના નવનિયુક્ત પદાધિકારીઓએ મંગળવારે રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. બંને મહાનુભાવોએ સંગઠનને મજબુત કરવા તથા આગામી મહાનગરપાલિકાની ચૂંટણીના વિજય માટે માર્ગદર્શન આપ્યું હતું.

શહેરના વન આરક્ષિત વિસ્તારમાં સફાઇના અભાવે ગંદકી, રખડતા ઢોરનો અડ્ડો

ગાંધીનગર તા ૧

શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં સફાઇના અભાવે ગંદકી જોવા મળી રહી છે. વન આરક્ષિત વિસ્તારમાં ગત વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી પણ કરવામા આવી છે. ત્યારે આ વિસ્તારની ફેન્સીંગમાં પણ ગાબડા પડયા છે. આવા સંજોગોમાં વન આરક્ષિત વિસ્તાર રખડતા ઢોરનો પણ અડ્ડો બન્યો છે. ત્યારે આ વિસ્તારની યાગ્ય સફાઇ થાય તે અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

વરસાદી દિવસો બાદ હજુ યોગ્ય સફાઇ થઇ નથી કેટલાક ઠેકાણે ફેન્સીંગ પણ તુટી ગઇ છે

શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં જાળી જાખરાની સફાઇ ન થતા હરિયાળા વૃક્ષોની આસપાસ કચરનો ઢગ જોવા મળી રહ્યો છે. વન આરક્ષિત વિસ્તારમાં ખાલી જગ્યાનો સર્વે કરી ગરમીના દિવસો દરમિયાન પ્રતિવર્ષ ખાડા ખોદવામાં આવે છે. જયારે આ ઠેકાણે નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવે છે. ગત વરસાદી દિવસો દરમિયાન પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી જયારે વન આરક્ષિત વિસ્તારમાં શહેરના માર્ગોના કલરકોડ મુજબ રંગબેરંગી ફુલો નિખરે તે મુજબનુ પણ આયોજન કરવામાં આવે છે. ગત દિવસોમાં પણ નગરના વિવિધ માર્ગોની આસપાસ નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી જયારે આ રોપોઆની જાળવણી માટે મુખ્યમાર્ગોની આસપાસના વન આરક્ષિત વિસ્તારમાં યોગ્ય ફેન્સીંગ પણ કરવામાં આવી છે. જો કે હાલની સ્થિતિએ ફેન્સીંગ પણ કેટલાક ઠેકાણેથી તુટી ગઇ છે. બીજીતરફ વન આરક્ષિત જગ્યામાં દબાણો પણ વધ્યા છે. ત્યારે વરસાદી દિવસોના અંતે નગરના મુખ્યમાર્ગો આસપાસના આ વન વિસ્તારમાં સફાઇ ન થતા હાલ સુકારા વચ્ચે આ જગ્યાએ ગંદકી જોવા મળી રહી છે. જયારે ફેન્સીંગ પણ કેટલાક ઠેકાણે તુટેલી હોવાથી રખડતા ઢોર પણ આ ઠેકાણે અડ્ડો જમાવી રહ્યા છે. શહેરના સેકટરોમાં રહેણાંક વિસ્તાર નજીક પણ આ પ્રકારની જગ્યામાં ગંદકી થઇ છે. વન આરક્ષિત વિસ્તારમાં ઉગી નિકળેલા ઘાસ અને વનસ્પિતના લીધે હાલ હરિયાળીને પણ નુકશાન થઇ રહ્યુ છે. ઘણીવાર કેટલાક ઠેકાણે નાગરિકો જાહેરમાં કચરો સળગાવતા પણ હરિયાળીને નુકશાન થઇ રહ્યુ હોવાનો આક્રોશ પ્રકૃતિ પ્રેમીઓ ઠાલવી રહ્યા છે. ત્યારે સેકટરો તેમજ મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં યોગ્ય સફાઇ કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

જિલ્લાની પ્રા. શાળાઓમાં ૨૩૯ વર્ગખંડોની મરામત થાય તેવી જરૂરીયાત

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૨૩૯ જેટલા વર્ગખંડો જુના થયા છે અને તે મરામત માગી રહ્યા છે.

તાજેતરમાં સાંસદ અમીત શાહ દ્વારા જિલ્લામાં ''દૃષ્ટિ'' અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે તેમાં પ્રાથમિક શિક્ષણ અંગેની વિગતવાર વિગતો માંગવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાની પ્રાથમિક શાળામાં ૭૧ ઓરડા, ગાંધીનગરમાં ૪૮ ઓરડા, કલોલમાં ૬૫ ઓરડા અને માણસામાં ૭૫ ઓરડાઓ મરામત પાત્ર છે.

એવી પણ ચોંકાવનારી વિગત જાણવા મળી છે કે જિલ્લામાં ૧૭૪ જેટલી પ્રાથમિક શાળાઓ પાસે પોતાના વીજ મીટર પણ નથી.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સાંસદ અમીત શાહે ''દૃષ્ટિ'' કાર્યક્રમ અંતર્ગત વિગતો સાથે રિપોર્ટ માંગ્યો

જિલ્લામાં ૫૫ શાળાઓમાં પાણીની સુવિધાઓ મરામત પાત્ર હોવાનું જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા આ અંગેનો એક કાર્ય યોજના પણ તૈયાર કરવામાં આવી રહી છે અને તે હવે પછી મળનારી આ દૃષ્ટિની બેઠકમાં રજુ કરી તેના પર ચર્ચા કરવામાં આવશે.

જિલ્લાતંત્રના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે કેન્દ્રીય ગૃહમંત્રીએ ખૂટતી કડીઓ તેમજ મરામત માટે શું શું જરૂરી છે તે અંગેનો વિગતવાર દરેક વિભાગ પાસે માંગ્યો છે.

દૃષ્ટિની આ બેઠકમાં ખાસ ઈન્ડીકેટર પણ નિયત કરવામાં આવ્યા છે અને તે ઈન્ડીકેટરના આધારે ડેવલપમેન્ટનો પ્લાન તૈયાર કરવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં સંપૂર્ણ વિકાસ અને મોડેલ સંસદીય મત વિસ્તાર બનાવવાની તેમણે ઘોષણા કરી છે. તેમણે આ પહેલાં જિલ્લાને સ્મોક ફ્રી ડિસ્ટ્રીક્ટ બનાવ્યો છે અને તમામ પરિવારોમાં ગેસનું જોડાણ આપવામાં આવ્યુ છે જે નોંધનીય છે.

ખૂણેખાંચરેથી

● રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ મતદારયાદી સુધારણા અભિયાન જે ચાલી રહ્યુ છે તેની વિડીયો કોન્ફરન્સ યોજી સમીક્ષા કરી હતી.

● આજથી તાલુકાકક્ષાએ વધ-ઘટની આંતરિક બદલીના કેમ્પનો આરંભ થયો છે. દહેગામ તાલુકામાં ૧૦૮ જેટલા શિક્ષકોની વધ હતી જે પૈકી ૩૪ ખાલી જગ્યાઓ પર સમાવવામાં આવ્યા છે. બાકી રહેલા ૭૪ શિક્ષકો હવે જિલ્લાકક્ષાનો જનરલ કેમ્પ જે ૫ મી ડિસેમ્બરના રોજ યોજાવાનો છે તેમાં હાજર રહેશે.

● જિલ્લાના પૂર્વ નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.જી. પટેલના માતુશ્રી ડાહીબેન જી. પટેલનું દુઃખદ અવસાન થયુ છે.

● ચોમાસાની વિધિવત્ વિદાય થતાં ચોમાસા માટેના કંટ્રોલરૂમ માટે મંજૂર થયેલ નાયબ મામલતદાર સંવર્ગની જગ્યાઓનો બદલીનો ગંજીફો હવે ચીપાશે.

● સચિવાલય સંકુલમાં પણ આગામી દિવસોમાં બદલીનો દોર હાથ પર લેવાશે તેમ જાણવા મળેલ છે.

અમદાવાદની સિવિલ હોસ્પિટલના વધુ ૫ તબીબો કોરોનાથી સંક્રમિત

અમદાવાદ,તા.૧

શહેરમાં કોરોના સંક્રમિતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. જીવલેણ વાઈરસના સંક્રમણનું સૌથી વધુ જોખમ કોરોના સામે ફ્રન્ટ લાઈન ફાઈટ કરી રહેલા ડૉક્ટરો સહિતના મેડિકલ સ્ટાફને વધારે રહે છે, ત્યારે અમદાવાદની સિવિલ હોસ્પિટલના વધુ ૫ તબીબો કોરોનાથી સંક્રમિત થયા છે.

ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવી રહેલા અનેક કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થઈ ચૂક્યાં છે. તાજેતરમાં હોસ્પિટલના મેડિસીન વિભાગ સહિત અન્ય વિભાગા હેડ ઓફ ડિપાર્ટમેન્ટ કોરોનાથી સંક્રમિત થયા હતા.

ચ-૫ પાસે બે કાર વચ્ચે અકસ્માત - ગાંધીનગર શહેરના માર્ગો પર ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરીને વાહન ચાલકો પોતાના વાહનો હંકારતા હોય છે. જેને પગલે અકસ્માત સર્જાય છે. ત્યારે શહેરના ચ-૫ પાસે માર્ગ ની કામગીરી ચાલી રહી છે તે દરમિયાન બે કાર વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં એક કાર ચ-૬ થી ચ-૩ તરફ જઈ રહી હતી, તો બીજીબાજુ કાર જુના સચિવાલય તરફથી ઘ-૫ તરફ પસાર થઈ રહી હતી તે સમયે માર્ગ ક્રોસ કરતા સમયે અકસ્માત થયો હતો. જેમાં બે કારને ભારે નુકશાન થવા પામ્યું હતું.અકસ્માતને પગલે ટ્રાફિકજામ થતા પોલીસ આવીને ટ્રાફિક હળવુ કર્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે. જિલ્લા તંત્રએ ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની ચકાસણી માટેનું અભિયાન હાથ ધર્યું છે. જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીના નેતૃત્વમાં આજે દહેગામ અર્બન, ડભોડા, વિરાતલાવડી સહિતના વિવિધ ગામોમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની ચકાસણી હાથ ધરી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની આવકના કરોડો બેંકમાં જમા જ ન થયા

કેવડિયા, તા. ૧

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના પાર્કીંગ ટિકિટ વિગેરેનું કામ ખાનગી એજન્સી પાસે છે. ત્યારે રોજનું કલેકશન આવે બેંકે કલેકશન એજન્ટ તરીકે ડોર સ્ટેપ બેંકિંગ સર્વિસ માટે રાઈટર બિઝનેસ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડની નિમણૂક કરી હતી. રાઈટર બિઝનેસ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ રોજ સાંજ પડે કલેકશનની રકમ સ્ટેચ્યુ ઓફ યુનિટીના જવાબદાર અધિકારીઓ પાસેથી લઈ બેંકના ખાતામાં જમા કરાવવાની જવાબદારી હતી.

બેંકે નિમેલી કલેક્શન એજન્સીએ પૈસા જમા ન કરાવ્યા : કાર્યાલયે આપેલી રોકડ રકમની સ્લિપ-એકાઉન્ટમાં જમા થયેલી રકમ વચ્ચે મોટો તફાવત દેખાતા પોલીસની તપાસ

જોકે સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓફિસે આપેલી રોકડ રકમ અને એની સ્લીપ તથા એકાઉન્ટમાં જમા થયેલ રકમ વચ્ચે ઘણો મોટો તફાવત હતો. આ મામલે એસઓયુ તંત્રએ એચડીએફસી બેંકને જાણ કરતા બેંકે તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન નવેમ્બર-૨૦૧૮થી માર્ચ-૨૦૨૦ સુધીના સમયગાળા દરમિયાન રાઈટર બિઝનેસ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડના કર્મચારીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટી કચેરી ખાતેથી ૫,૨૪,૭૭,૩૭૫ રૂપિયા રોકડ રકમ લઈ બેંક ખાતામાં જમા ના કરાવ્યા હોવાનું બહાર આવતા ખળભળાટ મચ્યો હતો.

વડોદરા એચડીએફસી બેંક દ્વારા રાઈટર બિઝનેસ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ વિરુદ્ધ આ ભ્રષ્ટાચાર મુદ્દે કાયદેસરની કાર્યવાહી કરવા કેવડિયા પોલિસ મથકમાં ફરિયાદ કરી છે. કેવડિયા ડીવાયએસપી વાણી દુધાત આ ભ્રષ્ટાચાર મામલે સમગ્ર તપાસ કરી રહ્યા છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા સત્તાવર કહેવામાં આવ્યું છે કે, અમારા તમામ નાણાકિય વ્યવહારોનું ચાર્ટર્ડ એકાઉટન્ટ દ્વારા ઓડિટ પણ કરવામાં આવે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની રસીદોને આધારે એચડીએફસી બેંકને સુપ્રત થયેલી રકમ તથા એચડીએફસી બેંક દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીના બેંક ખાતામાં જમા કરાવેલ રકમનું મેળવણું એ સમયાંતરે નિયમિત થતી રૂટીન પ્રક્રિયા છે. જો કોઈ તફાવત હોય તો તે એચડીએફસી બેંકની જવાબદારી છે. અને બેંક દ્વારા તેવી લેખિત બાંહેધરી પણ આપવામાં આવી છે. ત્યારે હવે એચડીએફસી બેંક દ્વારા પોલીસે ફરિયાદ થતા છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ કરવામાં આવી રહી છે.

કેમ્પના હનુમાન મંદિરમાં ભક્તોને મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવામાં આવ્યો

અમદાવાદ,તા.૧

શાહીબાગ સ્થિત આર્મી કન્ટેઈમેન્ટમાં આવેલ કેમ્પ હનુમાન મંદિર આસ્થાનું કેન્દ્ર છે. જોકે હવેથી મંદિરમાં દર્શન કરવા જતા ભક્તો માટે નિયમો કડક બનાવામા આવ્યા છે. લોકડાઉન અને અનલોકના ૨૪૮ દિવસ બાદ ભક્તો માટે ખુલ્લા મુકાયેલ મંદિરમાં હવે ભક્તોને મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે. ગત સોમવારના રોજ ભક્તો માટે કેમ્પ હનુમાન મંદિર દર્શન માટે ખોલવામાં આવ્યું હતુ. કોરોના મહામારીના પગલે મંદિર પણ દર્શનાર્થીઓ માટે બંધ કરાયું હતું. કોરોના સંક્રમણ ન વધે અને મંદિર આર્મી કન્ટેઈમેન્ટ વિસ્તાર હોવાથી સાવચેતીના ભાગ રૂપે બંધ કરાયું હતું. પરંતુ ૨૪૮ દિવસના લોકડાઉન અને અનલોક બાદ અનેક કડક નિતી નિયમ સાથે મંદિરમાં મર્યાદામાં ભક્તો આસ્થા સાથે દર્શન કરી શકે તે માટે ખુલુ મુકાયું હતું. જોકે આજથી મંદિરમાં પ્રવેશ કરતા ભક્તો પાસેથી મોબાઈલ લઈ સેવામાં આવ્યા હતા અને ભક્તોને મોબાઈલ સાથે પ્રવેશ પર પ્રતિબંધ મુક્યો હતો.

ગિયોડ સ્થિત મીની અંબાજી શક્તિપીઠ મા-અંબાનો અન્નકૂટ ધરાવાયો

ચિલોડા, તા. ૧

હિન્દુ ધર્મમાં કાર્તિક સુદ-પુનમનુ ખૂબ મહિમા રહેલો છે. આ દિવસને દેવ દિવાળી તરીકે ઓળખવામાં આવે છે. ગાંધીનગર તાલુકાના ગિયોડ ખાતે આવેલ ચિલોડા-હિંમતનગર હાઈવે માર્ગ પર ગિયોડ પાટિયા પાસે મીની અંબાજી શક્તિપીઠ મંદિર શ્રદ્ધાનું કેન્દ્ર ગણાય છે. ત્યારે દર વર્ષની જેમ કાર્તિકી પુનમે માતાજીને છપ્પનભોગ ધરાવાયો હતો. માઈભક્તોએ સવારથી માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્ટ સાથે શ્રદ્ધાળુઓએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગિયોડ અંબાજી મંદિરના ટ્રસ્ટી મંડળ તરફથી સુવ્યવ્થા કરવામાં આવી હતી.

ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથક દ્વારા જાણવા જોગ ફરીયાદ મુજબ સેકટર-૩૦ જ-૨ કેટેગરી બ્લોક નં. ૮૫૪-૪ ખાતે રહેતા શાંતિલાલ દિતાજી ખરાડીની ૨૩ વર્ષિય દિકરી છાયા સેકટર-૩૦ ખાતે થી ગુમ થયેલ છે. તેણી ગત તા.૨૬-૧-૨૦ ના રોજ સવારના ૧૦ વાગે ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના નોકરી જવાનું કહી નીકળી હતી. ૨૩ વર્ષિય છાયા ખરાડી રંગે ઘઉંવર્ણી, ઉંચાઈ આશરે ૫ ફુટ અને મધ્યમ બાંધાની છે. તેણીએ જીએનએમ નર્સિંગનો અભ્યાસ કર્યો છે. તે ગુજરાતી, હીન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે. તેણીએ આસમાની કલરનું ટોપ અને લીલા કલરની લેંગી પહેરેલ છે. આ યુવતિ વિશે કોઈને કંઈ પણ માહિતી મળી તો તાત્કાલીક સેકટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.

સુપર સ્પ્રેડર બની શકે તેવા શાકભાજીના ફેરિયાઓમાં કોરોના પ્રત્યે હજુ જોઈએ તેવી જાગૃતિ આવી નથી. માસ્ક પહેરવા બાબતે અનેકવાર તેઓને સમજાવવામાં આવ્યા હોવા છતાં મોટાભાગના ફેરિયાઓ માસ્ક પહેરતા નથી. જુના સચિવાલયથી મીનાબજાર જવાના માર્ગે ઘણી શાકભાજીની લારીઓ ઉભી રહે છે પરંતુ એક પણ ફેરિયાઓ માસ્ક પહેરેલા જોવા મળતા નથી.

મનોરંજન ક્ષેત્રે કોપીરાઈટના મહત્વ અંગે ફિલ્મી કીટલી પર રસપ્રદ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

મનોરંજન ક્ષેત્રે ન્યુ નોર્મલ સંદર્ભે ફિલ્મી કીટલી પર યોજાયેલ નવી રજૂઆતમાં જિઆઈએફએના પ્રેસિડેંટ હેતલ ઠક્કર, 'ભાઈ ભાઈ' ફેઈમ ગુજરાતી સ્ટાર અરવીંદ વેગડા અને આઈટી પ્રોફેશનલ એડવોકેટ શૈલ વોરાએ રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. આ પ્રસંગે અરવીંદ વેગડાએ જણાવ્યું હતું કે 'આજે ડિજિટલ યુગમાં લાઈવ પરફોર્મન્સ કન્ટેટના મુદ્દા પર આ અંગે જાગૃતિ અનિવાર્ય છે.'

આ બાબતે વાત કરતાં શૈલ વોરાએ પેઈંટીગ, શિલ્પ, સોફ્ટવેર, મ્યુઝિક વગેરેના ઈન્ટેલએક્ચૂલ પ્રોપર્ટી રાઈટ્સ વિષે વાત કરી હતી જેમકે 'પેટન્ટ ૨૦ વર્ષે મળે અને મૂળભૂત લેખક કે ક્રિએટરને મળતા હક્કો મૂળ સર્જકના મૃત્યુ પછી પણ ૬૦ વર્ષ સુધી તે જ સર્જકના નામે જ રહે છે. કોપી રાઈટ્સમાં કોઈ પણ પબ્લિક ડોમેનમાં આવે કે તરતજ કોપી રાઈટ જે તે સર્જકના હોય છે. યુનિક કન્ટેન્ટ માટે તમારી પાસે કાગળ હોય કે ના હોય એને સર્જકના જ છે તેવું કાયદેસર રીતે માનવામાં આવે છે જેનું રજીસ્ટ્રેશન પણ થઈ શકે અને એ કરવું એ હિતાવહ છે, સંગીત ક્ષેત્રે એવું ખુબ થાય છે, જાણીતા સોંગ અંગે આ એક સામાન્ય બાબત છે, રાઈટ્સની જાગૃતિ માટે ભારત સરકાર દ્વારા સોસાયટી બનાવામાં આવેલ છે જે તે અંગે જે તે સમય પૂરતા રાઈટ મેળવી આપી સર્જકના હિતોનું રક્ષણ કરે છે. કોન્ટ્રાક કરતી વખતે કલાકારે ધ્યાન રાખવું ક્યા હક્ક પોતાની પાસે રાખવા કે ક્યા હક્ક કેટલા સમયમાં કોને આપવા તેમજ કોન્ટ્રાકટની કોપી સમજણ પૂર્વક વાંચવી, સમજાવી જરૂર પડે, એ માટે યોગ્ય વકીલની સલાહ લેવી જોઈએ. કોપી રાઇટ એક્ટ ૧૯૫૭, છેલ્લો સુધારો ૨૦૧૨માં કરવામાં આવ્યો હતો જે અગે ભારત સરકારની ઓફિશ્યલ વેબસાઈટ પર માહિતી ઉપલબ્ધ છે'.

આ પ્રસંગે જીફાના પ્રેસિડેન્ટ હેતલ ઠક્કરે જણાવ્યુ હતું કે 'સમજદારી અને આ કાયદા અગે જાગૃતિ રાખવી એ મનોરંજન ઉધોગના વ્યવસાયિકો અને સર્જકો માટે ખૂબ જ જરૂરી છે.' તેમણે આવનારા નવા સમયમાં મનોરજન ક્ષેત્ર આ વાતને ગંભીરતાપૂર્વક લઈ યોગ્ય પગલાં ભરશે એવી અપીલ પણ કરી હતી.